અપીલ અરજી નં.૩૦૭ તા.૨૯–૧૨ –૧૦
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ–(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)
(૨) આરોગ્ય અધિકારી અનેઈ.ચા.ડે.કમિ.(હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી(ફુડ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૯–૧૧–૧૦ ની અરજીથી "મનભાવન" ગુરૂધ્વારા પાસે ઉધના ગામ સ્થિત આ સંસ્થાને ગુમાસ્તાધારા પ્રમાણે કંઈ પ્રોડેકટ વેચાણ અર્થે લાયસન્સ આપેલ છે તેની વિગતો તથા ડેરી સ્વીટ, સુકો મેવો અખરોટ બદામ નાસ્તા પાણીપુરીના વેચાણ અર્થે આરોગ્ય ફુડ વિભાગ ધ્વારા લાયસન્સ મેળવેલ હોય કે ન હોય તેની વિગતો તેમજ આ સંસ્થા ગુમાસ્તાધારા કયા વારે રજા રાખે છે? તથા રજાના દિવસે ખરેખર રજા રાખે છે કે કેમ? તથા ન રાખતી હોય તો ગુમાસ્તા ઈન્સ્પેકટર ધ્વારા વીઝીટ કરી કોઈ કોર્ટ કેસ કરેલ હોય સહિતની તથા કેટલા માણસો કામ કરે છે વિગેરેની સંપૂર્ણ માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૯–૧૨–૧૦ ની **SMC/FAP/** નં.૩૦૭/૨૦૧૦–૧૧

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૯–૧૧–૧૦ ની અરજીથી "મનભાવન" ગુરૂધ્વારા પાસે ઉધના ગામ સ્થિત આ સંસ્થાને ગુમાસ્તાધારા પ્રમાણે કંઈ પ્રોડેકટ વેચાણ અર્થે લાયસન્સ આપેલ છે તેની વિગતો તથા ડેરી સ્વીટ, સુકો મેવો અખરોટ બદામ નાસ્તા પાણીપુરીના વેચાણ અર્થે આરોગ્ય ફુડ વિભાગ ધ્વારા લાયસન્સ મેળવેલ હોય કે ન હોય તેની વિગતો તેમજ આ સંસ્થા ગુમાસ્તાધારા કયા વારે રજા રાખે છે? તથા રજાના દિવસે ખરેખર રજા રાખે છે કે કેમ? તથા ન રાખતી હોય તો ગુમાસ્તા ઈન્સ્પેકટરધ્વારા વીઝીટ કરી કોઈ કોર્ટ કેસ કરેલ હોય સહિતની તથા કેટલા માણસો કામ કરે છે વિગેરેની સંપૂર્ણ માહિતી આપવા બા બતે કોઈ નિર્ણય કે માહિતી મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૯–૧૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ પણ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૩૨ તા.૪–૧–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિ.(હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી(ફુડ) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીઓ તરફથી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં હાથોહાથ મુળ અરજીની નકલ, ફી ભર્યાની રસીદની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે જાવક નં.પીએચડી/ફુડ/૮૩૭તા.૧૭–૧–૧૧ થી અરજદારને આપેલ માહિતીની નકલ, તથા જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી આપેલી માહિતી અંગેના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/૬૨૦ તા.૨૪–૧૨–૧૦ ના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૨૯–૧૧–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. ઉધનાઝોન તરફથી ડે.મેડીકલ ઓફિસર પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૪૧૪ તા.૨–૧૨–૧૦ થી મોકલવામાં આવેલ છે. તેમજ જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.આરટીઆઈ /આ.નં.૬૩ તા.૫–૮–૧૦ થી ગુમાસ્તા વિભાગમાં મોકલાવમાં આવેલ પરંતુ તેઓ તરફથી આરોગ્ય ફુડ વિભાગ ને તબદીલ કરેલ જણાતી નથી. જે અંગે જાહેર માહિતી અધિકારી ફુડ તરફથી મુળ અરજી મળેલ ન હોવા છતાં અપીલ તબકકે જવાબ આપેલ છે તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/૬૨૦ તા.૨૪–૧૨–૧૦ થી માંગેલ માહિતીમાં "મનભાવન" ગુરૂધ્વારા પાસે ઉધનાગામ સ્થિત સંસ્થાને ગુમાસતાધારા પ્રમાણે મીઠાઈ બનાવી વેચાણ અર્થે સંસ્થાની નોંધણી કરવામાં આવેલ છે. મુંબઈના દુકાનો અને સંસ્થાના અધિનિયમ–૧૯૪૯ મુજબ સદરહુ પ્રકારનું કામકાજ કરતી સંસ્થાએ રજા રાખવાની રહેતી નથી. ગુમાસ્તાધારા ઈન્સ્પેકટર ધ્વારા સદર સંસ્થા તપાસ કરી ધારાભંગ અંગે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી નામદાર મ્યુ. કોર્ટ માં કેસ દાખલ કરવામાં આવેલ છે. સદર સંસ્થામાં કુલ આઠ (૮) કર્મચારી કામ કરતાં હોવાનું માલુમ પડેલ હતું તેવું જણાવેલ છે.ત્યાર બાદ જાહેર માહિતી અધિકારી ફુડ તરફથી પત્ર નં.પીએચડી/ફુડ/૮૩૭ તા.૧૭–૧–૧૧ થી થી ગુરૂધ્વારાની બાજુમાં ઉધના મેઈન રોડ , સુરત ખાતે આવેલ "મનભાવન સ્વીટસ" નામની સંસ્થાને મીઠાઈ તથા ફરસાણ અંગેનું પી.એફ.એ. એકટ હેઠળનું લાયસન્સ નં. **PFA/SZ/02/13** આપવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી ધ્વારા કોઈ પણ નિર્ણય કે માહિતી ન આપવાથી તેવું જણાવી તા.૨૯–૧૨–૧૦ ના રોજ અરજદારે અપીલ અરજી કરેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી સા.ઝોન/૬૨૦ તા.૨૪–૧૨–૧૦ થી સમય મર્યાદામાં માહિતી પૂરી પાડેલ છે. પરંતુ સાઉથઝોન ખાતેથી ડે.મેડીકલ ઓફિસર ધ્વારા જાહેર માહિતી અધિકારી ધ્વારા તેમને મોકલેલ સદર અરજી અંગે કોઈ પ્રત્યુત્તર પાઠવ્યાનું અપીલ તબકકે જણાવેલ નથી કે તબદીલીની કોઈ વિગત આપેલ નથી. જે કાયદાની કલમ–૬ (૩) અને (૭) ની

જોગવાઈ સાથે સુસંગત નથી. તેમજ જાહેર માહિતી અધિકારી ફુડ તરફથી નં.પીએચડી/ફુડ/૮૩૭ તા.૧૭–૧–૧૧ થી અપીલ તબકકે અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે બાબતે બંને જાહેર માહિતી અધિકારીઓ તરફથી અરજદારને માહિતી પૂરી પડાયેલ જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૯–૧૧–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પુરી પાડેલ હોઈ અપીલ અરજી અંગે કોઈ હુકમ કરવાનો રહેતો ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને ફુડ બાબતેની માહિતી અંગેની અરજી અંગે કોઈ પ્રત્યુત્તર પાઠવેલ નથી કે તબદીલ કરેલ ન હોઈ હવે પછી આરટીઆઈની અરજી બાબતે સમય મર્યાદામાં નિકાલ માટે તકેદારી રાખવા જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૧

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન ),આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિ. (હે અનેહો) જાહેર માહિતી અધિકારી (ફુડ)..જાણ તથા અમલ માટે .
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ,